સ્થળાંતરીત આદિવાસી પરિવાર માટે
કામદાર સહાયતા કેન્દ્રની યોજના બાબત

ગુજરાત સરકાર
આદિજાતિ વિકાસ વિભાગ,
ઠરાવ ક્રમાંક:વકચ-૧૦૨૦૧૬-૩૫૪-પી,
સચિવાલય, ગાંધીનગર.
તા:૧૫/૦૯/૨૦૧૬.

<u>વંચાણે લીધા</u> :-

૧) ભારત સરકારનાં આદિજાતિ મંત્રાલયનો તા.૧૨/૧૦/'૧૫ & તા.૦૩/૧૨/'૧૫નો ગ્રાંટ ફાળવણી અંગેનો પત્ર ક:F.No.17014/18(03)/2015-SG-II.

૨) કમિશનરશ્રી,આ.વિ. ની કચેરીનો પત્ર ક્રમાંક:આવિ/સેલ/ફા.નં.૬૦૫૨/૨૦૧૫-૧૬/૪૩૩, તા.૧૭/૦૧/૨૦૧૬.

<u>આમુખ:-</u>

રાજ્યના આદિજાતિ વિસ્તારમાં મર્યાદિત રોજગારના સ્ત્રોતોના કારણે છુટક મજૂરી સાથે જોડાયેલ આદિજાતિ કુટુંબો બાંધકામના કામો, રસ્તાના કામો, ખેતીના કામોઅને શહેરી વિસ્તારોમાં કડીયા, પ્લમ્બર વગેરે કુશળ કારીગર તરીકેની રોજગારીમાટે અમદાવાદ, સુરત જેવા શહેરોમાં સ્થળાંતર કરે છે. દક્ષિણ તથા સૌરાષ્ટ્ર વિસ્તારમાં ખેતી તથા ખેત મજુર અંગેની રોજગારીમાં આદિજાતિ કુટુંબો સ્થળાંતરીત થતા રહે છે.

સ્થળાંતરીત કામદાર માટે નિયમિત કામની સાથે સાથે કામના યોગ્ય વેતન, કામની જગ્યાએ સુરક્ષા, મુકાદમ(મીડલ મેન) દ્વારા શોષણની ઘટનાઓ, તેમજ તેઓના બાળકોની શાળામાં અનિયમિતતાના મુદ્દાઓ ઉપસ્થિત થતા હોય છે. વધુમા સ્થળાંતરના કારણે સરકારની વિકાસલક્ષી યોજના તથા કલ્યાણકારી યોજનાના લાભોથી પણ સ્થળાંતરીત કામદાર વંચિત રહી જવાના પ્રશ્નો પણ ઉભા થાય છે. મોટા શહેરમાં સ્થળાંતરીત થતાં કુટુંબોને રોજગારની સાથે ઓળખ અને રહેઠાણ સંબંધિત મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે. આ સ્થિતિમાં આદિજાતિના કુટુંબો દ્વારા મોટા શહેરમાં રોજગારી હેતુથી થતા સ્થળાંતર સમયે તેઓના રોજગારીના પ્રશ્નોમાં સહાયભુત થવા, તેમનુ શોષણ અટકાવવા, તેઓના કામના સ્થળે સુરક્ષિત વાતાવરણ નિર્માણ માટે તથા સરકારની કલ્યાણ યોજનાઓના લાભો પ્રદાન કરવા માટે રાજ્ય સરકાર દ્વારા

"સ્થળાંતરીત આદિવાસી પરિવાર માટે કામદાર સહાયતા કેન્દ્ર" ની યોજના વર્ષ ૨૦૧૫-૧૬થી અમલમાં મુકવામાં આવી છે.

આ યોજનાની રૂપરેખા અને અમલીકરણની ગાઇડલાઇન બહાર પાડવાનું વિચારણા હેઠળ હતું. પુખ્ત વિચારણાને અંતે આ અંગે નીચે મુજબ ઠરાવવામાં આવે છે.

**ઠરાવ** :

**૧. કામદાર સહાયતા કેન્દ્રના હેતુઓ**

૧. સ્થળાંતરીત આદિવાસી કુટુંબોના રોજગાર અંગેના પ્રશ્નોના ઉકેલ માટે સહયોગ.

૨. સ્થળાંતરીત આદિવાસી કુટુંબના કામના વેતન સંબંધિત શોષણ અટકાવવું.

૩. કામદારના હક્કો માટે કાયદાકીય સહાય માટે મદદ કરવી.

૪. સ્થળાંતરીત કામદાર કુટુબો સામેના અત્યાચારના બનાવોમાં સહાય અને પુન:ર્વસન કરવું.

૫. સ્થળાંતરીત કુટુંબોના રોજગાર સંલગ્ન લાભ મેળવવા માટે સહયોગ કરવો.

૬. સ્થળાંતરીત કુટુંબોને કલ્યાણલક્ષી યોજનાઓના લાભો માટે સહયોગ કરવો.

૭. રોજગારની નવી તકો વિકસાવવી તથા કુશળતા વર્ધન કરવું.

**૨. કામદાર સહાયતા કેન્દ્રના લાભાર્થીઓ**

આ સહાયતા કેન્દ્રમાં જેઓ રોજગારી અર્થે રાજ્યના ગ્રામ્ય વિસ્તારોમાંથી સ્થળાંતરીત થઇ શહેરી વિસ્તારમાં આવતા આદિજાતિ પરીવારોને સહાયતા આપવામાં આવશે.

**૩.કામદારસહાયતા ઉપલબ્ધ સેવાઓ**

૧. શહેરી વિસ્તારમાં સ્થળાંતરીત કામદારોના કામ તથા કામના સ્થળની માહિતી.

૨. કામદારોને રોજગારના સ્થળે તથા શહેરમાં ઓળખપૂરી પાડવામાં આવશે.

૩. ટોલ ફ્રી નંબર દ્વારા કામદારો પોતાના પ્રશ્નો રજૂ કરી શકે તેવી સુવિધાઓ

૪. સહાયતા કેન્દ્ર દ્વારા કામદારના રોજગારી, વેતન વગેરે પ્રશ્નો માટે માર્ગદર્શન.

૫. સહાયતા કેન્દ્ર દ્વારા કામદારના સંદર્ભમાં મફત કાનુની સલાહ તથા સહાયતા.

૬. આદિજાતિ કુટુંબોના અત્યાચાર સંબંધિત બનાવોનો સહાયતા તથા પુન:વર્સન ની કામગીરી

૭. કામદાર કલ્યાણ અંગેની યોજનાઓની જાણકારી તથા લાભો મેળવવામાં મદદરૂપ.

૮. કામદરોના રોજગારીની નિયમિત તકો માટેના વિકલ્પો ઉભા કરવા.

૯. કામદારોના રોજગારીમાં વધારો કરવાના હેતુથી કુશળતા વિકાસ માટેનું આયોજન.

૧૦. કામદારોની રોજગાર તથા કલ્યાણ અંગેની નીતિ ઘડતર તથા બદલાવ માટે હિમાયત કરવી.

## ૪. કામદાર સહાયતા કેન્દ્રોનો કાર્યવિસ્તાર

સહાયતા કેન્દ્રોનો વ્યાપ ખાસ કરીને આદિજાતિ વિસ્તારમાંથી રોજગાર માટે સ્થાળાંતરીત થઇને આવતા રાજ્યના મહત્વપૂર્ણ શહેરી વિસ્તારોમાં આવતા પરિવારોને લાભ આપવામાં આવશે. આ સહાયતા કેન્દ્ર વર્ષ ૨૦૧૫-૧૬માં અમદાવાદ તથા સુરત શહેરોમાં શરૂ કરવામાં આવશે. જેમાં અમદાવાદ અને સુરત શહેર તથા તેની આસપાસનાં વિસ્તારમાં રહી રોજગારી મેળવતા આદિજાતિ કુટુંબોનો સમાવેશ કરવામાં આવશે.

## ૫. કામદાર સહાયતા કેન્દ્રનો સંચાલન સેલ

આ યોજના હેઠળના સહાયતા કેંદ્રનો અમલ રાજ્ય કક્ષાએ અત્યાચાર અધિનિયમ હેઠળ રચીત રાજ્ય સેલ અંતર્ગત અમલ કરવામાં આવશે. જ્યારે જિલ્લા કક્ષાએ આ યોજનાનો અમલ માટે મદદનીશ કમિશનરશ્રી, આદિજાતિ વિકાસની કચેરીમાં સેલની રચના કરવામાંઆવશે. આદિજાતિ કુટુંબોના સ્થાળાંતર ધ્યાને રાખી હાલ પ્રાયોગિક યોજના તરીકે અમદાવાદ તથા સુરત ખાતે કેન્દ્રો ઉભા કરવામાં આવશે. જે કેન્દ્રોમાં નીચે મુજબનું માળખું રહેશે.

| | |
|---|---|
| નોડલ ઓફિસ | મદદનીશ કમિશ્નરશ્રી, આદિજાતિ વિકાસ |
| જિલ્લા કો-ઓર્ડિનેટર | જગ્યા-૧. નિવૃત વર્ગ-૧ ના કામદાર અધિકારી, મદદનીશ કમિશ્નર (આ.વિ.), પ્રાયોજના વહિવટદાર, વ્યવસાયિક |
| લેબર ઇન્સ્પેકટર | જગ્યા-૧. નિવૃત વર્ગ-૨ ના લેબર ઇન્સ્પેકટર, સોશ્યલ વેલ્ફેર ઓફિસર, વ્યવસાયિક તજજ્ઞ |
| ડેટા ડેવલોપર | જગ્યા-૧ કોમ્પ્યુટર તજજ્ઞ (આઉટ સોર્સ દ્વારા) |
| કચેરી સેવક | જગ્યા-૧ આઉટ સોર્સ દ્વારા (બે શિફ્ટમાં) |

૧. કેન્દ્ર માટે માનવ બળની સેવાઓમાં જિલ્લા કો-ઓર્ડિનેટર તથા લેબર ઇન્સ્પેકટરની જગ્યાઓ કરાર આધારિત તદ્દન હંગામી ધોરણે નિવૃત અધિકારીઓ અથવા લેબર તથા સોશ્યલ ક્ષેત્રના તજજ્ઞની નિયુક્તિ કરવામાં આવશે.

૨. કેન્દ્ર માટે સહાયક તરીકે ડેટા ડેવલોપર તથા કચેરી સેવકની સેવાઓ બે શિફ્ટમાં (દિવસ-રાત) મુજબ સરકારની હાલની આઉટ સોર્સ પદ્ધતિના ધારાધોરણ મુજબ કરવાના રહેશે.

૩. કેન્દ્રની ફિલ્ડ કામગીરી માટે વાહનની સુવિધા રહેશે. જે સુવિધા જાહેર નિવિદા દ્વારા ભાવો મેળવીને વાહન અને વાહન હંકારનારની સેવાઓ સાથે પસંદગી કરવાની રહેશે.

૪. આ સહાયતા કેન્દ્ર મદદનીશ કમિશનર, આદિજાતિ વિકાસની કચેરી શરૂ કરવામાં આવશે.

## <u>૬. કામદાર સહાયતા કેન્દ્રની કામગીરી</u>

**૧) સ્થળાંતરીત કામદારોના રોજગાર સંદર્ભના પ્રશ્નો:**

૧.૧) સહાયતા કેન્દ્ર દ્વારા કેન્દ્રના કાર્યવિસ્તારમાં આદિજાતિ વિસ્તારમાંથી સ્થળાંતર થઇ આવતા પરીવારોની ઓળખ કરી ડેટા બેઇઝ ઉભો કરવામાં આવશે. જેમાં તેઓની વ્યક્તિગત માહિતી, રોજગારીનો પ્રકાર, રોજગારી ક્ષેત્ર વગેરે. આ ઉપરાંત રોજગાર અને રહેઠાણના વિસ્તારોની પણ ઓળખ કરવામાં આવશે.

૧.૨) કેન્દ્ર ધ્વારા અસંગઠિત ક્ષેત્રમાં કામ કરતા કામદારોના રોજગારી, વેતન, સમય તથા રોજગારીના સ્થળે સેવાઓના સંદર્ભના પ્રશ્નો અંગે સહાયતા પ્રદાન કરવામાં આવશે.

૧.૩) સહાયતા કેન્દ્રમાં ટોલ ફ્રી નંબર ૨૪ X ૭ કાર્યરત રહેશે. જેના પર કામદાર પોતાની મુશ્કેલીઓની નોંધ કરાવી શકશે.

૧.૪) સહાયતા કેન્દ્ર દ્વારા મળેલ પ્રશ્નોની સ્થળ મુલાકાત કરી પ્રશ્નોના નિરાકરણ માટે કામગીરી કરશે.

૧.૫) સહાયતા કેન્દ્ર દ્વારા કામદારના શોષણની સંભાવના વાળા રોજગારીના પ્રકાર તથા વિસ્તારોમાં અટકાવપૂર્ણ પ્રવૃતિઓ હાથ ધરવી તથા નિયમિત મુલાકાત કરવી.

૧.૬) કામદાર કુટુંબને સ્થળાંતરીત સ્થળે સલામત રહેઠાણ માટે ઓળખ પુરી પાડવી.

**૨) સ્થળાંતરીત કામદારો માટે માર્ગદર્શન – સહાયતા**

૨.૧) સહાયતા કેન્દ્ર દ્વારા કામદારોને તેઓની રોજગારીના પ્રશ્નો સંદર્ભે વેતન, કામની જગ્યાએ સુવિધાઓ, કાયદાકીય જોગવાઇઓ અંગે માર્ગદર્શન પુરૂ પાડવા શિબિરો, બેઠકો વગેરે આયોજન કરાશે.

૨.૨) સહાયતા કેન્દ્ર દ્વારા કામદારોના કાયદાકીય પ્રશ્નો માટે મફત કાનુની સલાહ-સહાયતા કેન્દ્ર સાથે સમન્વય કરવો.

૨.૩) કામદારના કામ અને રહેઠાણના સ્થળે સુરક્ષિત અને પ્રાથમિક સુવિધાઓ મળી રહે તેવા પ્રયાસ કરી ઉપલબ્ધ કરાવવી

૨.૪) આદિજાતિ કુટુંબ સાથે આત્યાચાર અંગેના બનાવો માટે સહાય અને પુનઃવર્સન અંગેની કામગીરી કરવી.

**૩) કામદાર કલ્યાણકારી કાર્યક્રમો સાથે જોડાણ:**

૩.૧) કામદારો માટે અમલીત કલ્યાણકારી કાર્યક્રમો અંગે જાણકારી આપવી.

૩.૨) અસંગઠીત ક્ષેત્રના કામદારો માટે અમલીત યોજનાઓના લાભ મળે તે માટે કામગીરી કરવી. જેમ કે સુરક્ષા વિમો, યુપીલ કાર્ડ, રહેઠાણની સુવિધાઓ, બાળકોના અભ્યાસની સુવિધાઓ વગેરે.

૩.૩) કામદારના કુંટુંબના આરોગ્ય સબંધિત મુદાઓ પર ધ્યાન આપનું. જેમાં સમયસર સારવાર તથા સુરક્ષાવિમા જેવી બાબત પર ખાસ ભાર આપવો.

૩.૪) કામદાર કુંટુંબના બાળકોનો અભ્યાસ નિયમિત રહે તેના માટે સ્થળાતરીત સ્થળે શાળાઓમાં દાખલા અથવા આવાસીય શાળાઓમાં પ્રવેશની કામગીરી કરવી.

**૪) સ્થળાંતરીત કુટુંબની રોજગારી અંગેની કુશળતા વિકસાવવી.**

૪.૧) કામદારો માટે નવી રોજગારીની તકોની ઓળખ કરવી.

૪.૨) કામદારો હાલની રોજગારીમાં વધુ આર્થિક ઉપાર્જન મેળવી શકે તેના માટે કુશળતાઓ વીકસાવવી.

૪.૩) કામદારના વતનના વિસ્તારના પરંપરાગત રોજગારીના ક્ષેત્રોને મજબુત કરવા.

૪.૪) અર્ધકુશળ તથા કુશળ ક્ષેત્રના કામદારો માટે કુશળતા વિકાસના ખાસ કાર્યક્રમો હાથ ધરવા.

**૫) રોજગાર તથા કલ્યાણ કાર્યક્રમો માટે હિમાયત:**

૫.૧) કામદારો માટે રોજગારના ક્ષેત્રોમાં કામદારની રોજગારીના હિતમાં નીતિ નિધાર કરવા માટે હસ્તક્ષેપ કરવો.

૫.૨) કામદાર કલ્યાણ માટે વેતન, આરોગ્ય, શિક્ષણ, સલામત રહેઠાણ તથા પાયાની સુવિધાઓ માટેના અસરકારક આયોજન તથા અમલ માટે હિમાયત કરવી.

૫.૩) કામદારના રોજગાર અને વિકાસના મુદાઓ અંગે જુદા જુદા સ્તરે અમલકર્તા અને નીતિ ઘડતર કર્તાઓ સાથે સંવાદ સ્થાપિ કામદાર હિતમાં અને લાભકારક કામગીરી માટે સૂચન કરવા.

**<u>૭. સહાયતા કેન્દ્ર માટે નાણાંકિય જોગવાઇ</u>**

આ યોજના માટે વર્ષ ૨૦૧૫-૧૬ માટે કેન્દ્ર સરકારની વનબંધુ કલ્યાણ યોજના હેઠળ અમદાવાદ અને સુરત ખાતે એક બે સહાયતા કેન્દ્ર મંજૂર કરવામાં આવેલ છે. જેમાં એક સહાયતા

કેન્દ્ર માટે રૂ.૧૭.૦૦ લાખ મુજબ ૨(બે) કેન્દ્રના રૂ.૩૪.૦૦ લાખ વાર્ષિક ખર્ચ મંજૂર કરવામાં આવેલ છે.

| ક્રમ | હેડ | સૂચિત ખર્ચ જોગવાઇ (રૂ.લાખમાં) |
|---|---|---|
| [redacted] | | |
| ૨. | વાહ્નના ખર્ચ | રૂ.૦૪.૮૦ |
| [redacted] | | |
| ૪. | કુલ | રૂ. ૧૭.૦૦ |
| [redacted] | | |

<u>૮. યોજનાના સુપરવિઝન અને મોનીટરીંગ</u>

૧) રાજય કક્ષાએ

રાજયકક્ષાએ યોજનાનું સુપરવિઝન અને મોનીટરીંગ કમિશનરશ્રી, આદિજાતિ વિકાસ દ્વારા કરવામાં આવશે. સમયાંતરે સમિક્ષા દરમિયાન જિલ્લા કક્ષાએ થતી કામગીરીનું મુલ્યાંકનની સાથે સાથે યોજનાના અમલમાં જરૂરી સુધાર કરવો અને નીતિ વિષયક બાબતમાં નિર્ણય કરવામાં આવશે.

૨) જિલ્લા કક્ષાએ

આ યોજનાના જિલ્લા કક્ષાએ સુપરવિઝન અને મોનીટરીંગ માટે નીચે મુજબની સમિતિની રચના કરવામાં આવશે.

| | |
|---|---|
| ૧) મદદનીશ કમિશનરશ્રી, આદિજાતિ વિકાસ | અધ્યક્ષ |
| ૨) જિલ્લા શ્રમાયુક્તશ્રી | સભ્ય |
| ૩) ફેકટરી ઇન્સપેકટરશ્રી | સભ્ય |
| ૪) જિલ્લા રોજગાર અધિકારીશ્રી | સભ્ય |
| ૫) જિલ્લા કોઓર્ડિનેટરશ્રી | સભ્ય સચિવ |

જિલ્લા કક્ષાએ સમિતિ દર માસે એક વખત મળશે અને એક માસ દરમિયાન કેન્દ્ર દ્વારા હાથ ધરેલ કામગીરીની સમિક્ષા કરશે. સહાયતા કેન્દ્રને મળેલ પ્રશ્નોના નિવારણ માટે સબંધિત વિભાગો સાથે સંકલન કરી નિકાલ કરવા સમિતિ ભલામણ કરશે.

આ અંગેનો ખર્ચ અંદાજપત્રમાં માગણી ક્રમાંક: ૯૬, મુખ્ય સદર-૨૨૨૫-અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત જનજાતિઓ અને અન્ય પછાત વર્ગનુ કલ્યાણ, પેટા મુખ્ય સદર-૦૨-

અનુસૂચિત આદિજાતિઓનુ કલ્યાણ, ગૌણ સદર-૭૯૬-આદિજાતિ વિસ્તાર પેટા યોજના, પેટા સદર-૪૯-વીકેવાય-૩૧૩૫ અન્વયે જનરલ સહાયક અનુદાન હેઠળ ચાલુ નાણાકીય વર્ષની જોગવાઇમાંથી ઉધારવાનો રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણા વિભાગની તા. ૨૯/૦૮/૨૦૧૬ની નોંધથી મળેલ મંજુરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( રાજેશ પટેલ)

ઉપ સચિવ,

આદિજાતિ વિકાસ વિભાગ

ગુજરાત સરકાર

પ્રતિ,

- માન.રાજ્યપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન.મંત્રીશ્રી (આ.વિ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી (આ.વિ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રીના રહસ્ય સચિવશ્રી આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી (ખર્ચ) નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- કમિશનરશ્રી (આ.વિ.) બિરસા મુંડા ભવન, સે.૧૦-એ, ગાંધીનગર.
- સર્વે પ્રાયોજના વહીવટદારશ્રી, સંકલિત આદિજાતિ વિસ્તાર પેટા યોજના.
- નાણાંકીય સલાહકારશ્રી (આ.વિ.) નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- મહાલેખાકારશ્રી અમદાવાદ, રાજકોટ.
- મુકામી તપાસણી અધિકારીશ્રી, ગાંધીનગર.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.
- મુખ્ય કારોબારી અધિકારીશ્રી, ડી-સેગ,બિરસા મુંડા ભવન, સે.૧૦-એ, ગાંધીનગર.
- સેકશન અધિકારીશ્રી/છ શાખા (બજેટ),આદિજાતિવિકાસવિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- પસંદગી ફાઈલ. *

---

* પત્ર દ્વારા